**SP.C.S.No.04/2022**

## <u>આંક–૧ નીચે હુકમ</u>

(૧) હાલના આ કામે આ અદાલતે આંક–૫ ની વચગાળાની મનાઈ હુકમની અરજીનો ન્યાય નિર્ણય કર્યા બાદ તા.૨૫/૦૮/૨૦૨૩ ના રોજ આંક– ૨૫ થી મુદ્દા કાઢવામાં આવેલ છે. આ દાવાકામે વચગાળાની મનાઈ હુકમની અરજીનો હુકમ થયેલ તેને નામદાર ડીસ્ટ્રીકટ કોર્ટ રૂબરૂ પડકારેલ છે. નામદાર ડીસ્ટ્રીકટ જજ સાહેબે આ દાવો સ્ટે કરેલ નથી. આ દાવો ત્યારથી પુરાવાના સ્ટેજ ઉપર ચાલે છે અને વાદી તરફે કોઈ પક્ષકાર કે તેઓના વિ.વ.શ્રી હાજર રહેતા નથી કે મુદ્દત રીપોર્ટ આપતા નથી.

(૨) આ કામે આ અદાલતે તા.૨૫/૦૮/૨૦૨૩ ના રોજ આંક–૨૫ થી મુદ્દા કાઢવામાં આવેલ છે અને આ દાવાકામે લીમીટેશન અંગેનો પ્રાથમીક મુદ્દો આંક–૧ નીચે સવાલ પુછવામાં આવેલ છે અને તે સવાલમાં દાવો દાખલ તારીખ ૧૫/૦૨/૨૦૨૨ ના રોજનો થયેલ છે અને તા.૨૫/૦૧/૧૯૭૯ ના રોજ નોંધ પ્રમાણીત થયેલ છે ત્યારથી સમયની ગણતરી કરીને બન્ને વચ્ચેનો સમયગાળો છે તે બાબતે આ અદાલતે વાદીને લેખીતમાં સવાલ પુછેલ છે અને આ કામના વાદીએ આ દાવાકામે સવાલનો જવાબ આપેલ નથી કે પુરાવો રજુ રાખેલ નથી કે સવાલના જવાબ માટે મુદ્દત રીપોર્ટ આપેલ નથી કે પુરાવા માટે મુદ્દત રીપોર્ટ આપેલ નથી. આમ આ કામના વાદી સતત બેદરકાર રહેતા હોય તેઓને આ દાવો આગળ ચલાવવામાં રસ જણાતો ન હોય હાલનો આ દાવો વાદીની બેદરકારીના કારણે ડીસમીસ ફોર ડીફોલ્ટ થયેલો જાહેર કરું છું.

આ હુકમ આજરોજ તારીખ– **૧લી,** માહે–**મે,** સને– **૨૦૨૪** ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તારીખ : ૦૧/૦૫/૨૦૨૪
સ્થળ : ગોંડલ.

**(મનોજ શંભુપ્રસાદ દવે)**
એડી. સીનીયર સીવીલ જજ,
ગોંડલ. (GJ00760)